જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૧/૨૦૧૬ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૯/૧૬**

### કર્ણાટકમાં ટીપુ સુલતાનની જ્યંતીની ઉજ્વણી સમયે થયેલ ખુનના ગુનામાં નાસતા ફરતા રવીરાજ પુજારી ને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા આપેલ સુચના આધારે પો.ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરી નાઓએ સ્કોડના અધિ.તથા માણસોને આપેલ સુચના આધારે આજરોજ પો.સ.ઇ.સી.બી.ચૌધરી તથા સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો.રાકેશસીંહ તથા હે.કો.ઘનશ્યામભાઇ નાઓને મળેલ ચોક્કસ બાતમી આધારે રવીરાજ s/o સુંદર પુજારી ઉવ.૩૦, હાલ રહેવાસી મકાન નં.સી-3, રંગીન પાર્ક ફ્લેટ, વસ્ત્રાપુર તળાવ પાસે, એલ.જે.કોલેજ નજીક, વસ્ત્રાપુર, અમદાવાદ મુળ રહે.મકાન નં.૨/૨૨૨, ગોલ્થામજલ ગામ, તા.બંટવાલ, જી.દક્ષીણ કન્નાડા, કર્ણાટકા નાને કલાક ૧૬.૦૦ વાગે વસ્ત્રાપુર તળાવ ગણેશ મંદીર સામે જાહેર રોડ ઉપરથી પકડી પાડેલ છે.

સદરી ઇસમની ઝીણવટભરી પુછપરછ કરતા ગયા નવેમ્બર માસમાં કર્ણાટકમાં ટીપુ સુલતાનની જ્યંતીની ઉજ્વણી દરમ્યાન તોફાનો થયેલ જે અનુસંધાને બંટવાલ રુરલ પો.સ્ટે.જી.દક્ષીણ કન્નાડા ખાતે ગુરનં.૨૦૮/૨૦૧૫, ઇપીકો કલમ ૩૪૧, ૩૨૪, ૩૦૨, ૩૪ મુજબનો ગુનો ગઇ તા.૧૨.૧૧.૨૦૧૫ ના રોજ દાખલ થયેલ હોવાનું અને તે ખુનના ગુનામાં પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હોય જેને પકડી પાડી ઉક્ત ગુનાના કામે સોંપવા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)